## **રોહિત કોઠારી** ❐ જ. ૧૫, જુલાઈ, ૧૯૫૯ : અવ. ૧૫, જાન્યુ. ૨૦૧૨ ❐ **સ્નેહાંજલિ**

કોઈની શ્રદ્ધાંજલિ લખતાં હાથ ઘડીક અટકી જાય એવું કાયમ બન્યું છે પણ મન ઘણા પ્રયત્નેય તૈયાર ન થતું હોય એવું આ પહેલીવાર બને છે. વાસ્તવિકતાનો અસ્વીકાર આટલો લાંબો સમય ચાલ્યા કરશે એ ધાર્યું ન હતું.



જયંત કોઠારીના પુત્ર તરીકે રોહિત એની કિશોરવયથી પરિચિત. એ જ પરિવારસંબંધ મુદ્રણવ્યવહાર સંબંધ સાથે જોડાઈને આગળ ચાલતો રહેલો. એનો વિકાસ, મુદ્રકવ્યવસ્થાપક તરીકે એની પોતાની અલગ ને આગવી ઓળખ હું સ્નેહથી જોતો રહેલો. એ પણ, વ્યવહારમાંય આદરભાવે વર્તતો રહેલો. ફોન પર, કે એની સામેની ખુરશી પર બેસીને થતી વાતો ઘણી વાર લંબાઈ જતી. એના આનંદો, એના આગ્રહો, એના જ-કારો, લઘરી હસ્તપ્રતો આપતા લેખકો-સંપાદકો તરફનો એનો સ-આદર છતાં તીવ્ર રોષ, સ્વર ઊંચકાઈ જાય ને પછી ખડખડ હસી પણ પડે – એ બધું હું માણતો જતો એથી, નીકળવાની ઉતાવળ હોય તે છતાં વધારે સમય બેસી જવાતું કે કામમાં હોવા છતાં ફોન લંબાઈ જતા.

વત્સલતાથી જોડાયેલો હોય છતાં એનામાંનો વ્યવસ્થાપક ક્યારેક ઊંચકાઈ આવે – 'પ્રત્યક્ષ' માટે ક્યારેક મોડું થયું હોય ને હું તાકીદ કરવા કહું ત્યારે, 'જોઈશું' – એવી અસ્પષ્ટતા નહીં; 'હમણાં તો નહીં જ બને, હોં' એવું એનું બોલ્ડ કરેલું વાક્ય ધસી આવે. એની વ્યસ્તતા ને ભારણ સમજી, 'ભલે' એમ કહીને મેં મોડું થવાનું સ્વીકારી લીધું હોય ને ત્યાં જ, બીજે અઠવાડિયે તો એની પાસેથી 'ફાઈનલ પ્રૂફ' આવી ગયાં હોય ! અરે રોહિત, શો ચમત્કાર થયો ? તું તો ના કહેતો હતો ને ? પણ, ત્વરાથી ચાલતા એના મગજે કંઈક રસ્તો ખોળી કાઢ્યો હોય. હવે આવી સ્નેહભરી 'ના' સાંભળવા નહીં મળે...

સામગ્રીની અનિયમિતતા સાથે, સંપાદન-આયોજનની મારી બધી જ ચીવટ, ચીવટ જ શું ચિકાશ એણે સમજી લીધેલાં. કોઈના પર, કોઈના ભરોસે, જરાય ન છોડનાર હું એના પર છોડી શકતો : 'તું છે એટલે ચિંતા નહીં.' 'પ્રત્યક્ષ'ને મેં ૨૦ વર્ષથી લાડ કર્યાં છે તો એણેય એની એવી જ, એટલી જ, કાળજી લીધી છે. એણે ને એના માર્ગદર્શનમાં કેળવાયેલા સાથીદારોએ. એ સાથીદારો એની કાર્યશૈલીને કંઈક અંશે જાળવશે.

પણ રોહિત તો ક્યાંથી લાવવો ? જોડણી-પ્રૂફવાચનથી શરૂ કર્યું – જયંતભાઈના માર્ગદર્શનમાં, પછી મુદ્રણઅંકનની, મુદ્રણસજ્જાની, મુદ્રણતંત્રની ને વ્યવહારની – ઝીણી અને અધિકૃત જાણકારી કેળવી, પુસ્તકોનાં નમૂનેદાર ઉપરણાં કર્યાં. એના કાર્યાલયમાં એ વિવિધ-સુંદર ઉપરણાંના નમૂના ચોંટાડેલા – પ્રદર્શિત કરેલા છે. એમાં એની હાજરી વરતાયા કરશે.

રોહિત મુદ્રક હતો એ સાથે એક કાબેલ સંચાલક પણ હતો. વ્યવસ્થાશક્તિ મોટી. બધું એના ધ્યાનમાં, નિયંત્રણમાં હોય. ચુકાયા વિના બધું સરખી રીતે જ થાય – જયંત કોઠારીનો વારસો. સંપર્કો બહોળા. જયંતભાઈ એકાંતપ્રિય, રોહિત મળતાવડો. (ભંગળાબહેનનો વારસો ?) એટલે એનામાં મુદ્રણકૌશલ, સંચાલનકૌશલ ને એ ઉપરાંત આ સંપર્કકૌશલ. છેલ્લાં કેટલાંક વર્ષોમાં એણે ફોટોગ્રાફીનું કૌશલ પણ, રસપૂર્વક, કેળવેલું. પૂરો ખીલેલો માણસ. ત્યાં જ...

●

'પ્રત્યક્ષ'ના હવે પછીના દરેક અંક વખતે એની પરોક્ષ હાજરીનો કપરો સામનો કરવો પડશે.

એને સ્નેહાંજલિ.